

# ગુણાતીત જ્યોત

અક્ષરરૂપ દેહે પરબ્રહ્મમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.



વર્ષ ૫૬, અંક : ૭, તા.૨૧મી જુલાઈ, ૨૦૨૬, સંવત – ૨૦૮૨ અષાઢ સુદ – ૮, મંગળવાર
દર માસની ૨૧મીએ પ્રગટ થતું માસિક, વાર્ષિક ફી : રૂા.૧૦૦



સ્વામીશ્રીજી ૮/૭/૭૮

ગુણાતીત સમાજના સૌ
મુક્તાક્ષર પુરુષોત્તમના સૌ
–
ગુરુપૂર્ણિમાના સંકલ્પની
ગુરુને ભેટ

① નિરંતર મૂર્તિમાં રહીશું.
(ધ્યાન પાઠ સ્મરણ કરી જાગૃત – સેવા – પ્રાર્થના સહિત)

② ગુરુનું ગમતું ગમાડીશું

③ ગુરુને અભિપ્રાયથી નહીં વરતીએ
(અનુસરીશું)

④ જે સંબંધમાં આવે તેમાં દિવ્યભાવનો વિચાર તે
મારો દિવ્યભાવ પ્રેરીને એ જ
માની ને નિર્દોષભાવ રાખી
ભગવદીય ભાવનાથી રાજી કરવું –

(પપ્પા)







તા.૧૪.૬.૨૦૨૬ : ગુરુહરિ પપ્પાજી મહારાજના 'શાશ્વત સંકલ્પ પર્વ' નિમિત્તે મહાપૂજા...











મહાપૂજા – સુરત મંડળ







મહાપૂજા – રાજકોટ મંડળ





# ગુણાતીત જ્યોત

અક્ષરરૂપ થઈ પરબ્રહ્મમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.





સંસ્થાપક : ગુરુહરિ પપ્પાજી મહારાજ પ્રેરણામૂર્તિ : પ.પૂ.હંસાદીદી

## સ્વાધ્યાય સંદેશ

**પંચામૃત : ૪** સંબંધવાળાની માહાત્મ્યેયુક્ત સેવા કરી લેવી.
– ગુરુહરિ પપ્પાજી મહારાજ



### શ્રીજી રસામૃત

'... મોટા પુરુષની આજ્ઞાએ કરીને જે ધર્મ પાળે ત્યારે હમણાં તો કાંઈ વિધિનિષેધમાં વિશેષ જણાતું નથી. પણ અંતે મોટા પુરુષની આજ્ઞા પાળનારાનું કલ્યાણ થાય છે. જેમ હૂંડીમાંથી રૂપિયા નીસરે છે તેમ...'

(વચ.ગ.મ.૬)



### શ્રી અક્ષર બ્રહ્મરસ

સત્સંગ, એકાંતિકપણું ને ભગવાનની મૂર્તિ એ ત્રણ વાનાં દુર્લભ છે તે આપણને મળ્યાં છે, માટે ગરીબ થઈને, બીજાને માન આપીને સાચવી રાખવાં. (સ્વામીની વાતુ પ્રક.૫ની ૮૬મી વાત)



### દિવ્યામૃત

આપણે શું કરવું જોઈએ ને શું ન કરવું જોઈએ ? એવું જો અનુસંધાન રાખીએ તો ક્યારેય માયાના પેચમાં ન અવાય.

(તા.૧૨.૬.૧૯૫૯)

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| સ્વાધ્યાય સંદેશ... | ૫ | શાશ્વત સંકલ્પ પર્વે... | ૧૦ |
| વચનામૃત ગ.અં.૧૧નું નિરૂપણ... | ૬ | શાશ્વત સંકલ્પનો શક્તિ સ્રોત... | ૧૧ |
| ગુરુપૂર્ણિમા... | ૮ | પરમની આરાધના... | ૧૩ |
| બ્ર.સ્વ.સોનાબાના પ્રાગટ્યદિને... | ૯ | સત્સંગ સમાચાર... | ૧૪ થી... |

**પ.પૂ.દીદીનો આદેશ...**
**સંકલ્પ સિદ્ધ કરીએ પપ્પાજીનો... 'વચ.ગ.છે.૩૫માંથી વચ.ગ.છે.૨૬માં જવું જ છે...'**




# વચનામૃત ગ.અં.૧૧ : સીતાજીના જેવી સમજણનું...

## ગુરુહરિ પપ્પાજી મહારાજે કરેલું નિરૂપણ...

(ગતાંકથી ચાલુ...)

... કોઈપણ સંજોગોમાં મનુષ્યભાવ જ નહીં લેવાનો. એ ભગતજીમહારાજ, જાગાસ્વામીની ચૈતન્ય કોન્સીયસનેસ.

પછી વળી શ્રીજીમહારાજે પરમહંસ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે...

આ ત્રણ પ્રશ્ન થયા. હવે ચોથો પ્રશ્ન. આ બધું સિદ્ધ કરવું છે. એ માટેની ટોપ (Top) કક્ષાની રીત આમાં બતાવી દીધી.

જાનકીજીને રામચંદ્રજીએ વનવાસ દીધો...

સીતાજીના જેવી સમજણ–બાપાએ મહંતને આ કહેલું કે, 'મહંત ! આખી જિંદગી, દેહભાવ હોય ને તમને ભાન રહે ત્યાં સુધી તમે સીતાજીના જેવી સમજણ રાખીને વર્તજો.' આ આદેશ એમણે આપણને આપવો'તો.

પહેલો પ્રશ્ન ઈંદ્રિયો જીતવાનો.
બીજો દેશકાળ ન લાગ્યાનો.
ત્રીજો નિર્વિકલ્પ સમાધિમાં રહેવાય એવી સ્થિતિનો.

ગુણાતીત સ્વરૂપ જોડે કઈ રીતે આત્મબુદ્ધિ કરવા જઈએ ? આપણી માનસિક ભૂમિકા હોય, મન દિવ્ય ન થયું હોય ત્યાં સુધી આત્મબુદ્ધિ થાય કેવી રીતે? એટલે એ અઘરું છે. પણ આ તો આપણાથી થઈ શકે એવો પ્રશ્ન સીતાજીના જેવી સમજણનો આવ્યો. ઉપરના ત્રણ પ્રશ્નનું જ્ઞાન વર્તનમાં લાવવું હોય તો આ સિદ્ધાંત લાવવો પડશે. સુખે સુખે સ્થિતિ કરવી હોય તો આ કરજો. સંતો બનાવ્યા ત્યારે સૌથી પહેલા જોગીમહારાજે આ વસ્તુ આપેલી.

...ત્યારે જાનકીજીએ અતિશય વિલાપ કરવા માંડ્યો ત્યારે લક્ષ્મણજી પણ અતિશય દિલગીર થયા. પછી સીતાજી લક્ષ્મણજી પ્રત્યે બોલ્યા જે, 'હું મારા દુ:ખ સારું નથી રોતી. હું તો રામચંદ્રજીના દુ:ખ સારું રોઉં છું. શા માટે જે, રઘુનાથજી અતિ કૃપાળુ છે તે લોકાપવાદ સારું મને વનમાં મૂકી પણ હવે એમ વિચારતા હશે જે સીતાને મેં વગર વાંકે વનમાં મૂકી છે એમ જાણીને મનમાં બહુ દુ:ખ પામતા હશે. માટે રામચંદ્રજીને કહેજ્યો જે, સીતાને તો કાંઈ દુ:ખ નથી ને વાલ્મીકિ ઋષિના આશ્રમમાં જઈને સુખે તમારું ભજન કરશે. માટે તમે સીતાના દુ:ખે કરીને કાંઈ દુ:ખ પામશો મા.' એમ સીતાજીએ લક્ષ્મણજી સંગાથે કહી મોકલ્યું પણ કોઈપણ રીતે રામચંદ્રજીનો અવગુણ લીધો નહીં.

સીતાજીની અગ્નિપરીક્ષા લીધી એમાં પાસ થયા તો પણ એક ધોબીના વચને એમનો ત્યાગ કર્યો. ને વનમાં

મોકલ્યાં, તોય સીતાજીએ ગુણ લીધો કે રામચંદ્રજી બિચારા દયાળુ છે ને આ કરવું પડ્યું છે. એટલે લોકલાજે મને મોકલી છે પણ એ મનમાં દુ:ખી થતાં હશે. એમ કરીને સીતાજી દુ:ખી થયા પણ કોઈ રીતે રામચંદ્રજીનો અવગુણ ન લીધો.

આ fact (સાચું) છે. કોઈપણ રીતે પ્રલય થઈ જતો લાગે, ડૂબી જતા લાગીએ, બધું ખલાસ થઈ જતું લાગે પણ ભગવાન ને સાધુનો ગુણ જ લેવાનો. જુઓ, સીતાજીએ ગુણ જ લીધો. સીતાજીએ સ્હેજ બુદ્ધિ વાપરી હોત તો કહેત કે, 'ધોબીનું વચન માનો છો ને હું રાણી છું તોય મારું નથી માનતા ? તમે પ્રધાનને પૂછી જુઓ, કોઈ ડાહ્યા માણસને પૂછી જુઓ, ધોબીના વચને શું ન્યાય કરો છો ! હું તમારા સુખ માટે વનમાં આવી ચૌદ ચૌદ વર્ષ સાથે રહી તોય તમને એટલોય અનુભવ ન થયો ? કે હું એવું ન કરું, તે ધોબીના વચને તમે મને છોડી દીધી !' એમ આટલું બધું લોજીકલ (Logical) હતું પણ કોઈ arguments ન કર્યા. ને 'તમે નિષ્ઠુર છો, આવા છો, તેવા છો.' કાંઈ કોઈ જાતના ધોખાવાંધા કર્યા નહીં, ને કહ્યું કે, 'સીતાને તો કંઈ દુ:ખ નથી. વાલ્મીકિ ઋષિના આશ્રમમાં સુખે તમારું ભજન કરશે.' એમ નિષ્કામ ધર્મ આવી ગયો કે તમે જેમ રાજી થાવ એમ કરવું છે માટે તમે ચિંતા ના કરશો.

ગુણાતીતથી માંડીને બધા જ ગુણાતીત સ્વરૂપો ઉપર પસ્તાર પડી છે. તમે ગુણાતીતભાવમાં રહેતા થાવ એટલે જગત એનાં મૂલ્યાંકનોથી તમારા ઉપર પસ્તાર પાડવાનું જ. ભગતજી, જાગાસ્વામી ને કૃષ્ણજીઅદા પણ હડે હડે થયા. ને શાસ્ત્રીજીમહારાજ વિશે ખબર છે કે આખોય સમાજ વિરોધમાં પણ એની કેવળ ઉપેક્ષા કરી. તમે ખરા છો કે ખોટા છો, ન્યાય છે કે અન્યાય છે કાંઈ નહીં. પોતાને જે મંદિરો કરવા'તા એ એકલે હાથે લઈ મંડ્યા. પોતાનો સ્વધર્મ બજાવ્યા કર્યો ને પેલાને જે કરવું હતું એ કરવા દીધું. એનો અભાવેય ન લીધો કે બચાવેય ન કર્યો. ને જોઈએ છીએ અક્ષરપુરુષોત્તમનો આખો સંપ્રદાય સ્થાપી દીધો.

એવું જોગીમહારાજ જીવનભર ખમ્યા. માયાની કેવળ ઉપેક્ષા કરી ને સેવા કર્યા કરી. એક વખત જોગીબાપાએ મહંતસ્વામીને બેસાડીને બધી વાત કરી. યાદ નહોતું એમ નહીં. પણ કોઈ દિવસ કોઈને કહેલું નહીં. મહંતસ્વામીને થયું કે લખી લઉં. પણ બાપા કહે, 'આ લખવા માટે નથી કહ્યું. આ જીવવા માટે છે કે આટલુ બધું થાય ત્યાં સુધી તમે બોલશો નહીં.' ને આમ કર્યું તો પરબ્રહ્મના ધારક બની ગયા.

આપણે જોગીના છીએ એની ખુમારી રાખીએ. ભલેને દુનિયાભરનું ખમવાનું આવે. સ્વામી સ્વામી કરીશું તો માયા ને મહામાયા ઉડી જશે તો એવા પ્રસંગોનો શો ભાર છે ? માટે ભજન કર્યા કરીએ, સેવા કર્યા કરીએ, એ આપણે જોગીના કહેવાઈએ. હં...

**એવી રીતે જે ભગવાન ને ભગવાનના ભક્તનો કોઈ રીતે અવગુણ લે નહીં.**

આપણે આટલો નિયમ બાંધીએ. આપણા ગુણાતીત સમાજના કોઈપણ મુક્તનો કોઈપણ રીતે અવગુણ નહીં લેવાનો. ગુણ જ લેવાનો. ઊંધુ વર્તતો દેખાય તો એ રીતે ગુણ લેવાનો કે આ મારી પરીક્ષા માટે આમ વર્તે છે. 'પ્રભુ ! હું જાગ્રત છું.' એમ કરીને ભજન કરીને તટસ્થ થઈ જઈએ. આપણને ગાદી ક્યાં સોંપી છે? એના ગુરુ જોશે. 'મારે તો આમાં માહાત્મ્યેયુક્ત સેવા શી કરવાની છે ? એ જ જોવાનું. પ્રભુ ! તું મને દસ ફૂટ દેખાડ. એ પ્રમાણે સેવા કર્યા કરીશ. બસ.'

અને સંબંધવાળાનો અવગુણ કોઈ રીતે લેવો નથી. 'કોઈ રીતે'માં બધુ આવી ગયું. છેક પ્રકૃતિપુરુષ સુધીના દોષ ભલે રહ્યા. એ આપણે નથી જોવા. એ જોઈને શું કામ છે ? આપણે આપણું કરી લોને ! બસ No Hows & Whys. આ દિવ્ય જુગાર જ ખેલવો છે. આટલા જન્મ ખેલ્યા એમાં આ એક વધારે. જઈ જઈને ક્યાં જઈશું ? કોઈ કહે અલા ! આ શું કરે છે ? નરકમાં જઈશ. તો કંઈ નહીં. નરકમાં જઈશું ને ! કંઈ વાંધો નહીં. એમ જુગારીની અદાથી મંડીએ તો વહેલામાં વહેલો ફાયદો થઈ જાય પણ આવી દ્રઢતા રાખવી પડે.

(ક્રમશ:)



# ગુરુપૂનમના મંગલદિને...

આપણા આરાધ્ય ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન ને આદિ ગુરુ ગુણાતીત. આ સનાતન પરંપરામાં આપણને ગુરુહરિ પપ્પાજી મહારાજ અને ગુરુ સ્વરૂપોનો યોગ મળ્યો. તેમના દર્શન, વાતુ, પ્રસાદી, સાંનિધ્યનો લ્હાવો મળ્યો. તેમના શાશ્વત સંકલ્પમાં આપણને સ્થાન મળ્યું છે. આપણે આ ગુરુજનોના દર્શન આપણી આંખથી પ્રત્યક્ષ કર્યા છે, કરીએ છીએ. તેમની પરાવાણી સાંભળવા મળે છે. તે આપણા હૈયામાં દ્રષ્ટારૂપે બિરાજી આપણી પળેપળ રક્ષા કરે છે. એવી સર્વોપરી પ્રાપ્તિ થઈ. એ કેફ કદીય ઓછો ના થવા દઈએ.

ગુરુપૂર્ણિમાનો મંગલદિન. ગુરુજનોએ આપણને ધૂળના મૂલે સોનું આપ્યું છે. અંતર શુદ્ધ કરી પ્રભુમય બનાવી રહ્યા છે. તો આ અવસર આપણા માટે ગુરુદક્ષિણા આપવાનો છે. શું ગુરુદક્ષિણા આપીશું ? ને ગુરુજનો આપણને આ જન્મે જ મોક્ષના અધિકારી બનાવવા માંગે છે. જન્મમરણના ચકરાવામાંથી મુક્તિ દેવા માંગે છે. તો જે કંઈ એવી વૃત્તિ કે જે જન્મ લેવડાવે તેવી હોય તે નોંધીને ગુરુચરણે ધરીએ.

એક શિષ્ય હતા. તેણે ગુરુજી પાસેથી વિદ્યા લઈને ઘરે જતાં ગુરુજીના ચરણે પડીને આશિષ માંગ્યા. ગુરુજીએ આશીર્વાદ આપ્યા કે, તારી આ શીખેલી વિદ્યા અને સાધનાનો ઉપયોગ નિ:સ્વાર્થભાવે કરીને જીવન સફળ બનાવજે. શિષ્ય ખપવાળો હતો. તેણે કહ્યું, ‘ગુરુદેવ ! હું તમને દક્ષિણામાં શું ચરણે ધરું ?’ ગુરુદેવે જણાવ્યું, ‘વત્સ, જગતમાં જે સૌથી વધુ વ્યર્થ ને તુચ્છ હોય તે વસ્તુ મને દક્ષિણારૂપે આપજે.’

શિષ્ય તો વિચારમાં પડી ગયો. ગુરુજીની આજ્ઞા શિરોમાન્ય કરવાની તીવ્ર ઈચ્છા સાથે વિચારવા લાગ્યો કે સૌથી વધુ વ્યર્થ ને તુચ્છ વસ્તુ કઈ ? પણ સૃષ્ટિના પ્રત્યેક પદાર્થ એક યા બીજી રીતે ઉપયોગી લાગ્યા. આમ બાહ્ય જગતને જોતા પોતાના આંતરજગતમાં તપાસ કરવા લાગ્યો તો ખ્યાલ આવ્યો કે, નિ:સ્વાર્થભાવે વિદ્યા વાપરવામાં અહંકાર ના હોય તો જ તે રીતે વપરાય. ને શિષ્ય ગુરુદેવ પાસે જઈને વિનમ્રભાવે કહે છે કે, ‘ગુરુદેવ! મારી ભીતરમાં રહેલો વ્યર્થ ને તુચ્છ એવો અહંકાર તમારા ચરણે ગુરુદક્ષિણારૂપે અર્પણ કરું છું.’ ગુરુદેવ પ્રસન્ન થયા. ‘બસ જીવનમાં અહંકાર જ અવરોધ છે. જે સનાતન સુખ લેવા દેતો નથી. તે ક્યારેય પ્રગટ ના થાય તેનું ધ્યાન રાખજે...’

આપણને જે કંઈ અસુખ લાગે છે, એકબીજાની ક્રિયા ના ગમે તેના મૂળમાં અહંકાર જ છે. આપણે અખંડ ધામરૂપ રહેવા માટે, આનંદમાં રહેવા માટે સત્સંગ કરીએ છીએ. તો પ્રભુ પાસે, ગુરુ સ્વરૂપો પાસે, આપણી આસપાસના પાત્રો સાથે દાસત્વભાવે, રાંકભાવે જીવીએ. આવી દક્ષિણા આપીને જીવનની પ્રત્યેક પળ મંગલમય બનાવીએ. જે સુખ, શાંતિ, આનંદ લેવામાં વિઘ્ન લાવે તેવા મન, બુદ્ધિ, ચિત્ત, અહમ્‌ના ભાવોને, ગુરુચરણે ધરીને, પળેપળ સાચી ગુરુપૂર્ણિમા ઉજવ્યાનો આનંદ માણવાનું આપણને સૌને બળ મળે તેવી ગુરુહરિ પપ્પાજી મહારાજ તેમજ ગુરુસ્વરૂપોના ચરણે પ્રાર્થના.



## ચૈતન્ય જનની સોનાબાના પ્રાગટ્યદિને...

વચ.ગ.મ.૧૩ પ્રમાણે પરિપૂર્ણ સ્વરૂપનિષ્ઠાની જ્યોત બાના અંતરમાં ૯મા વરસે પ્રગટી. આંબો તે આંબો જ છે એમાં કદી શંકા ન થાય કે આ લીમડો તો નહીં હોય ને ! આ શાસ્ત્રીજી મહારાજ ભગવાન છે. પછી જગતના ગમે તેવા ઝંઝાવાતના પ્રવાહો વહ્યા પણ માળાના મણકે એ જ્યોત સ્થિર રહી અંદર બહાર પ્રકાશ પાથરી રહી. સેવા, ભજન, સમર્પણના ઘી અક્ષયપાત્રમાં ઉમેરાતા જ રહ્યા. ધન, ધામ, કુટુંબ પહેલા શાસ્ત્રીજી મહારાજ ને પછી બીજું બધું. એમ સત્સંગ પ્રધાન જીવન જીવ્યાં. એ વર્તનનો પ્રકાશ એમના સૌ બાળકોમાં પણ પ્રકાશિત થયો. ને એવી જ નિષ્ઠાની જ્યોત એમના અંતરે પણ સ્થિર થઈ. બધા સંતાનોને પ્રત્યક્ષ સ્વરૂપને વિશે નિશંક ને નિર્ભેળ દિવ્યભાવ, નિર્દોષબુધ્ધિની અજોડ ખુમારીનો વારસો આપ્યો.

કાકાજી ઘણીવાર કહેતા કે, 'જેને પ્રત્યક્ષ સ્વરૂપમાં કદી મનુષ્યભાવ ન આવ્યો હોય એવા સિંહ કેટલા છે? એવી સિંહસમી શૂરવીરતા બાએ રાખી ને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનું શોભાડ્યું. ને મને અને પપ્પાજીને એકધારો સાથ આપ્યો.'

શાસ્ત્રીજી મહારાજે એકવાર કહ્યું, 'તમારી રેડિયાની દુકાને પધરામણીએ આ જોગીને લઈ જાવ. એમાં અમે આવી ગયાં.' બસ આ જોગીમાં એ જ શાસ્ત્રીજી મહારાજ કાર્ય કરે છે એ ભાવે વચન અધ્ધર ઝીલ્યું. તેવું ને તેવું વર્તમાન પ્રત્યક્ષ સ્વરૂપોના વચન પણ અધ્ધર ઝીલ્યા. પ્રભુના બાળકો : સંતો, બહેનો, યુવકો ને ગૃહસ્થોને પણ એ જ અમૃત પાયું.

એકવાર કોઈ મુક્તરાજને શાસ્ત્રીજી મહારાજને ભેટતા જોઈ બાના અંતરે થયું. આપણને આ લ્હાવો ન મળે ! ને શાસ્ત્રીજી મહારાજ કહે માનસી સાકાર છે. ત્યારથી બાના જીવનમાં માનસી એકરૂપ બની ગઈ. એવું મનન ચિંતન કર્યું કે બ્રહ્મ સંગે બા બ્રહ્મ બની ગયાં.

બા અસાધારણ સમજણ અને પ્રીતિવાળાં છતાં સ્વરૂપનિષ્ઠાના તેજે શરણાગતિ, પ્રપત્તિયોગ એમણે સહજ સિદ્ધ કર્યો. જગતના ને સત્સંગના સર્વ પ્રસંગોમાં સોફો ભલો ને એમની માળા ભલી ને એમના ભગવાન ભલા. એ સોનાબાનો નિત્યક્રમ.

ગૃહસ્થ જીવનમાં વૈધવ્ય આવ્યું. બાળકોના ઉછેરની સંપૂર્ણ જવાબદારી આવી. જ્યોતિબેન, તારાબેનને કોઢ નીકળ્યા. કાંતિભાઈએ નાની ઉંમરમાં વેપાર કર્યો. એમાં જે નફા–ખોટ, કેસના પ્રસંગો આવ્યા. દીકરી શાંતાબેન અને વિદ્યાબેનના લગ્ન કર્યાં. એ તમામમાં પ્રભુનું બળ અને આશરો રાખ્યો.

એવું જ આધ્યાત્મિક જીવનમાં શાસ્ત્રીજી મહારાજે અણીના પ્રસંગે સેવા કરાવી, યોગીબાપાએ પુત્રીઓ, પૌત્રો, પૌત્રીઓ સાધુતાના માર્ગે લીધા, તે દરેકમાં સ્વરૂપનિષ્ઠા ને સમર્પણની ખુમારી ને શરણાગતિના દર્શન થાય છે.

આ ચૈતન્યમાતને પ્રાગટ્યદિને કોટિ કોટિ વંદન કરીને આશિષ માંગીએ કે હે બા ! અમે ખરેખરા તમારા સંતાન બની ગુણનો વારસો મેળવીએ એવી કૃપા કરજો.

# શાશ્વત સંકલ્પ પર્વ...

શાશ્વતીનું વહેણ સમયની સાથે સાથે વહેતુ રહ્યું છે! બ્રહ્માંડનું સર્જન થયું ત્યારથી પરબ્રહ્મ તત્ત્વ અનંત સ્વરૂપે પોતાની અમાપ શક્તિથી શાશ્વતરૂપે પ્રગટ થતું જ રહ્યું છે ! એ પરબ્રહ્મ તત્ત્વ સર્વવ્યાપી અને સર્વોપરી હોઈ અનંત પ્રકારના પ્રલય આવ્યા અને સર્વકાંઈ નષ્ટ થયું છતાં પણ તે સનાતન તત્ત્વ એ જ શક્તિ અને એ જ પરાશક્તિથી પ્રગટ થતું રહ્યું છે તેનો ક્યારેય વિનાશ કે પુન:ર્જન્મ નહોતો થયો !

સનાતન હિન્દુ ધર્મમાં પરબ્રહ્મ તત્ત્વના દસ અવતારરૂપે જ ગણાય છે ! પણ એ પૂર્વના જે જે રૂપે પરબ્રહ્મ પ્રગટ્યા તેની જાણ કોને થાય – જીવોનો માનવરૂપે જ્યારે જન્મ થયો ત્યારે અનંત પ્રકારની ધાર્મિક, અલૌકિક સાધનાઓથી પ્રાપ્ત કરેલી અંત:પ્રેરણા અને આર્ષદર્શનથી નિહાળ્યું કે પરબ્રહ્મ તત્ત્વ તો અવિનાશી છે અને સનાતન છે.

જ્યારે એક માનવને મહામાનવ બનવાનો મનોરથ જાગે, જાગતા–ઊંઘતા અંતિમ અવસ્થાનું મનન–ચિંતન હોય... તેને ત્રણેય અવસ્થામાં જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિમાં અંતિમ અવસ્થાને જાણવાની, પામવાની, માણવાની ઘેલછા જાગે તે પરબ્રહ્મ તત્ત્વ પોતાની અંતર્યામી શક્તિથી જાણી જાય.

તેવી જાણ ઈ.સ.૧૯૧૬માં પહેલી સપ્ટેમ્બરે પ્રગટેલ બાબુભાઈની પરબ્રહ્મ તત્ત્વને જાણ થઈ ગઈ ! જીવમાં જન્મથી જ બ્રાહ્મી શક્તિનું અવતરણ કરાવીને જ બાબુભાઈને ધરા પર પ્રગટાવ્યા! અને જ્યારે પાંચ વર્ષના થયા ત્યારે તેમણે પોતાના જીવનનાં ધ્યેયનું શબ્દો દ્વારા દર્શન કરાવ્યું ! 'દાદા, હું તમારા સૌના કલ્યાણ કરવા આવ્યો છું !' એ શબ્દો પરબ્રહ્મ તત્ત્વ થકી જ બાબુભાઈના ઓષ્ટ પર આવ્યા હશે ને ! પાંચ વર્ષના બાળકને 'કલ્યાણ' શબ્દનોયે ક્યાં અનુભવ હોય? અને એવું જ નવ વર્ષની ઉંમરે 'સ્વર્ગ પૃથ્વી પર ઉતારવું છે' એ અગમ શબ્દો ઊચ્ચારીને એ શબ્દોને સાકાર કરવા કાર્યાન્વિત થયા – બાહ્ય વિટંબણાઓ, મુશ્કેલીઓ, અવરોધો તો એમના આધ્યાત્મિક ઉત્થાનનાં અમોઘ સાધન બની રહ્યા. અનેક સામાજિક, આર્થિક, વ્યવહારિક, સાંસારિક, મુશ્કેલીઓ તો આગળ વધવા માટેનો મહામાર્ગ બની ગયો !

પરબ્રહ્મ તત્ત્વની અનરાધાર કૃપા ! બાબુભાઈની અનંત પ્રકારની તકલીફોને સરલ કરતી રહી તેનો અંતરમાં સ્પર્શ હોય તો ને ! 'એ તો એમ જ હોય ને!' એ તો શાશ્વતી તત્ત્વ પરબ્રહ્મની અકારણ કરૂણા નહોતી, પોતાના આત્માનો ટુકડો બાબુભાઈને પોતાનું કાર્ય સોંપવાનું હોઈને આત્માનું ઓજસ વધારતાં જ ગયા. આલોક–પરલોકની અલૌકિક ભૂમિકાઓમાં જરાયે રાચ્યા વિના જ 'જીવન ધ્યેય – નારી રત્નોને એકાંતિક ધર્મ સિદ્ધ કરાવીને ગુણાતીત સાધુ બનાવવી'.

શાશ્વતીનું વહેણ બાબુભાઈને ચારેય બાજુ ઉપર નીચે સર્વ સમયે ભીંજવતુ રહ્યું. અને તાત્ત્વિક રીતે પરબ્રહ્મ તત્ત્વની અદ્‌ભુત કાર્યશૈલીથી પોતાના દાસાનુદાસ અને છતાંયે તેવી જ શક્તિ ધારક બ્રહ્મરૂપ બનાવ્યા બાબુભાઈને !

અને પરબ્રહ્મ તત્ત્વનો સનાતન સંકલ્પ 'છતીંદિહે અક્ષરસુખ અનુભવતા મહામાનવ ઘડવા' તે બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ પપ્પાજી મહારાજ થકી શાશ્વત રીતે પ્રગટ છે. પ્રત્યક્ષ બનીને પ્રસરે છે ને સૌને આંતરિક પ્રેરણા આપીને શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ તેની સૂઝ આપતા રહ્યા છે. 'આખા દિવસમાં...' એ ભજનમાં લખ્યું છે –

'કરવાનું હોય તે ન કર્યું હોય તો
ફરી સૂઝાડો ઓ પ્રાણપતિ...'

ને ન કરવાનું તો થઈ જ ન શકે તેવી આંતરિક શક્તિ અને સફળતા આપતા રહીને શાશ્વત સ્વરૂપ ગુરુહરિ પપ્પાજીનો એકમાત્ર સંકલ્પ શિક્ષાપત્રીનો ૧૧૬મો શ્લોક

'નિજાત્માનં બ્રહ્મરૂપં દેહત્રય વિલક્ષણમ્
વિભાવ્ય તેન કર્તવ્યા ભક્તિ શ્રીજીસ્ય સર્વદા ।'

'માનો આતમરૂપ તમારું, દેહ દુઃખ થકી ન્યારૂં.' એ પ્રમાણે જીવનાર ગુણાતીત સમાજ અને ગુણાતીત સ્વરૂપો, સાધુઓ આજે ધરા પર વિચરતા કર્યા. અને સંબંધે સૌના કલ્યાણ કરી રહ્યાં છે ! એમની હાજરીમાત્રે જીવોના દેહભાવ ટળે છે અને બ્રહ્મભાવ – 'આનંદમાં રહેવું તે' વિચાર, વાણી, વર્તનમાં ઉજાગર થાય છે. અને તે સનાતન સત્ય છે કે આપણે તે '**શાશ્વત સંકલ્પ પર્વ**' રૂપે ગુરુહરિ પપ્પાજીનાં ૧૧૦મા પ્રાગટ્ય પર્વે વર્તનથી માણી રહ્યા છીએ. ઉજવી રહ્યા છીએ. ધન્ય ભાગ્ય ધન્ય ઘડી ! (પૂ.ડૉ.નીલમબેન)

## શાશ્વત સંકલ્પનો શક્તિ સ્રોત...

પ્રભુએ બક્ષિશમાં આપેલી મહામૂલી જિંદગીનું સાચુ મૂલ્ય મનુષ્ય નથી સમજી શકતો તો પછી ભગવાનનું સ્વરૂપ ઓળખવાની કે એમના થઈને જીવવાની સમજ તો એને કેવી રીતે પડે ? આ બ્રહ્માંડના અવિનાશી બે તત્વો બ્રહ્મ અને પરબ્રહ્મ એની દિવ્ય શક્તિની તો મનુષ્યને પહેચાન ક્યાંથી થાય ! પરંતુ ભગવાનની અનંત જીવો પરની અનંત કૃપા અને કરુણાનો કોઈ પાર નથી !

ભગવાન સ્વામિનારાયણે આપેલા વચનામૃત ગઢડા પ્રથમના ૨૦માં આ વાત સરસ અને સચોટ રીતે કહી છે કે, 'જીવ માયાને આધિન થકો પરવશ થઈને તો સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થામાં અંતર્દ્રષ્ટિ કરીને જાય છે પણ તે કદી પોતે પોતાના સ્વરૂપને જોવાનો પ્રયત્ન નથી કરતો.'

આ વાતનો વિચાર કરીએ તો જીવ કદીય બ્રહ્મ તત્વને પામી શકે તેવી એની કોઈ તાકાત નથી તોય ભગવાનની કૃપા તો જુઓ ! દરેક જીવને રાત્રે ઘસઘસાટ ઊંઘમાં પહોંચાડી દઈને પણ એ જીવને આત્મા સંગાથે, બ્રહ્મ સંગાથે લયતા કરાવીને રોજ રોજ નવી જીવન શક્તિ આપે છે. પણ એ જીવ જ્યારે જાગ્રત અવસ્થામાં આવે છે, ત્યારે તેને કશી જ ખબર રહેતી નથી અને બધું ભૂલીને એ પાછો મૂળ જીવભાવમાં એ સ્થિત થઈ જાય છે. દેહભાવ અને જીવભાવમાં રાચનારા એ જીવને ખરેખર તો ખબર જ નથી કે એ કોની શક્તિથી જીવી રહ્યો છે ! એ તો એક અભિનિવેશમાં જ રહે છે કે હું પોતે જ મારી શક્તિથી જીવું છું. પરંતુ અતિ દયાળુ એવા ભગવાન એ જીવને યેનકેનપ્રકારે પોતાના બ્રહ્મ સ્વરૂપ એવા દિવ્ય સંતનો જોગ આપીને દેહભાવ ને જીવભાવથી પર કરી બ્રહ્મભાવે જીવવાના માર્ગે મૂકે છે.

ગુરુહરિ પપ્પાજી મહારાજ આવું જ કોઈ ભગીરથ કાર્ય કરવા ને કરાવવા આવ્યા. તેઓ યોગીજી મહારાજને સંપૂર્ણ સમર્પિત રહ્યા ને એમના અભિપ્રાયની ભક્તિ અર્થે જ પોતાના પ્રાણ અર્પ્યા. પપ્પાજી મહારાજનું સમગ્ર જીવન એક સંકલ્પ કાર્ય સમું હતું. એમણે અનંત જીવોને બ્રહ્મત્વ અર્પ્યું. એટલું જ નહીં, અનંતને એવું પમાડી શકે તેવા સમર્થ સંત બહેનો, સંત ભાઈઓ ને એવા એકાંતિક ગૃહસ્થો પણ બનાવ્યાં. દિવ્ય પ્રાપ્તિના ધારક બનાવ્યાં.

છેલ્લા ૨૦ વર્ષથી પપ્પાજી સ્થૂળ દેહે હાજર નથી, છતાં પણ તેઓનો અહેસાસ હરકોઈ હરદિન અનુભવ્યા જ કરે છે ! એ મળ્યા છે ને મારી સાથે છે જ ! તેની પ્રાપ્તિના કેફમાં રહી સૌ દિવ્ય આનંદની અનુભૂતિભર્યા જીવનને માણી રહ્યા છે. સમર્પિત સંત બહેનો અને સમર્પિત સંત ભાઈઓ તો આવું જીવન જીવી જ શકે ! પરંતુ એવા એકાંતિક ગૃહસ્થો પણ આવું સમર્પિત દિવ્ય જીવન જીવી રહ્યા છે !

એક બહુ જૂના ભજનના શબ્દો યાદ આવી જાય છે 'સ્વામીના સાંનિધ્યનું સુખ દૂર રહીને એ અનુભવે... બીજાને પણ આપી શકે...' આવું જીવન જીવતો અક્ષરધામનો દિવ્ય સમાજ એ ગુરુહરિ પપ્પાજી મહારાજના શાશ્વત સંકલ્પનું એક સર્જન છે !

આપણને પ્રાપ્તિ તો અદ્‌ભુત થઈ ગઈ ! સર્વ પ્રકારે આપણને સુખિયા પણ કર્યા છે પણ ક્યારેક ગાફેલપણે

ભૂલ કરી બેસાય છે. ટ્રાફિકથી ધમધમતા હાઈ વે પર મોટા અક્ષરોથી ચેતવણીના બોર્ડ મૂક્યા હોય છે 'નજર હટી તો દુર્ઘટના ઘટી' આ સૂચનાને આપણે બહુ ધ્યાનમાં નથી લેતા. આપણા વ્યવહારમાં અને આપણા જીવનમાં આપણે ગમે તેટલી મોટી અવસ્થામાં હોઈએ, પણ આપણી નજર આપણા સત્પુરુષ કે એમના વચન તરફ નથી રહેતી. પપ્પાજી મહારાજને નિયમિતતા અને નિયમ પાલન ખૂબ ગમે ! કાયદા કે નિયમનું કોઈ ઉલ્લંઘન કરે તે એમને રુચે નહી.

એક સાધક ગુરુહરિને સમર્પિત થઈ ખૂબ સરસ સાધના કરી રહ્યા હતા. ગુરુ આજ્ઞાએ કર્મયોગ કરે. સુંદર જીવન જીવે. પોતાના કેન્દ્રથી કર્મયોગના સ્થાને પોતાના ટુ વ્હીલર સાધન લઈને દરરોજ આવ-જા કરે. આ એમનો નિત્ય ક્રમ. એક દિવસ ચાર રસ્તા પર એ વળાંક લઈ રહ્યાં હતા ને વાહન સ્લીપ થઈ ગયું ! અને અચાનક પાછળથી આવી રહેલી બસનું પાછલું તોતિંગ ટાયર એ સાધક મુક્ત પર ફરી વળ્યું. ઘડીના છઠ્ઠા ભાગમાં ખૂબ મોટી દુર્ઘટના સર્જાઈ ગઇ ! તે સ્થળ પર જ એ સાધક મુક્તનું કમકમાટી ભર્યું મૃત્યુ થઈ ગયું ને તત્કાલ અક્ષરધામ નિવાસી થઈ ગયા ! ગુરુઓ, સદ્‌ગુરુઓ અને સમગ્ર સાધકગણ આ કરુણ સમાચાર સાંભળીને ગમગીન થઈ ગયા, સ્તબ્ધ થઈ ગયા ! આવી કમકમાટી ભરી દારુણ ઘટનાનો અહેસાસ સૌ કોઈ માટે અસહ્ય જ હતો !

થોડો સમય વિત્યો અને એક દિવસ ગુરુહરિ પપ્પાજી મહારાજ પ્રભુકૃપામાં નિજ આસને બિરાજમાન હતા. સામે કેટલાક મુક્તો બેઠા હતાં. સમય જોઈને એક મુક્તએ ગુરુહરિને પ્રશ્ન પૂછયો કે, 'પપ્પાજી ! આ સાધક તમારા થઈને જીવ્યા, તમારા અર્થે જીવન કુરબાન કર્યું. તો પણ તમે એમની રક્ષા કેમ ન કરી ?' થોડીવાર સન્નાટો છવાઈ ગયો ! શું જવાબ આવશે તેની રાહ સાથે બધા મુક્તો આતુરતાથી પપ્પાજી તરફ એકીટશે જોઈ રહ્યા ! પપ્પાજી મહારાજ થોડીવાર મૌન જ રહ્યા. બધા મુક્તો પણ મૂક બનીને દર્શન કરી રહ્યાં હતાં.

અચાનક પપ્પાજી મહારાજે પ્રશ્ન પૂછનારની સામે જોઈને એક વેધક પ્રશ્ન પૂછયો કે, 'આ ઘટના બની ત્યારે એ મુક્તએ હેલ્મેટ પહેર્યું હતું ?' અને સૌ કોઈ શૂન્ય મનસ્ક બની ગયા ! સાધકોનું સમર્પણ, સાધકોનું જીવન, સાધકોનું જ્ઞાન બધું જ બરાબર પણ નાનો અમથો પણ નિયમ જો ન પાળીએ તો શું પરિણામ આવી શકે ! તે ગુરુહરિ પપ્પાજીએ માત્ર એક જ વાક્યમાં, જ્ઞાનની કોઈ જ મોટી વાત કે સમજાવટ વિના સચોટ જવાબ આપ્યો. એટલું જ નહીં, સાધક માત્ર માટે લાલબત્તી ધરી દીધી ! ઉચ્ચ પ્રકારના જ્ઞાનને વર્તનમાં કેવી રીતે લવાય ? તો નાનામાં નાની વાત, વચન કે નિયમને વર્તનમાં ઊતારીને જીવનને સર્વોતમ બનાવી શકાય છે.

પપ્પાજી મહારાજ સ્વયમ આવું જીવીને ગુણાતીત સમાજના સ્થાપક બન્યા છે. એમના સંકલ્પને શાશ્વત શા માટે કહીએ છીએ ?

તો એમના પ્રત્યેક વિચાર, પ્રત્યેક શબ્દ અને પ્રત્યેક ક્રિયાને પોતે એ સૂક્ષ્મ ગરણીથી ગાળીને યોગીજીની ભક્તિરૂપ હોય તેટલું અમલમાં મૂકે. તો એમના સંકલ્પમાં શાશ્વતતા પ્રગટતી.

ખરેખર એમણે નાનામાં નાની વાતને, જીવનના પ્રત્યેક તબક્કે, પૂર્ણરૂપે વર્તનમાં ઊતારીને ઉતમ કક્ષાનો સાધનાનો રાજમાર્ગ ખોલ્યો છે. એ રાજમાર્ગના આપણે સૌ મુસાફરો છીએ. એમના શાશ્વત સંકલ્પમાં આપણે ખુમારીથી, પ્રાપ્તિના કેફથી જીવી જવું છે.

તો ગુરુહરિ પપ્પાજી મહારાજના ચરણે અંતરથી પ્રાર્થના છે કે, અમારા વિચારોના અમે ગુલામ ન બનીએ. વિચારોને ચકાસીએ. ગુરુ અને ગુરુહરિની આજ્ઞા, વચન કે નિયમમાં અમે આપને અંતર્યામી માનીને વર્તી લઈએ. અમારા સંકલ્પમાં શાશ્વતતા ભલે ન આવે, પણ સંકલ્પની તાકાત તો આવવી જોઈએ. અમારા સંકલ્પે તમને અમારામાં કામ કરતા અનુભવીને, અમે કેવળ આપના ગમતામાં અને આપની પ્રસન્નતા માટે જ જીવન જીવવાના અમને બળ,બુદ્ધિ ને પ્રેરણા હરહંમેશ આપતા જ રહો તેવી અંતરની પ્રાર્થના છે.

(ગુણાતીત પ્રકાશ પૂ.પીયૂષભાઈ)

## પરમની આરાધના

## ૨૫૬. જય સ્વામિનારાયણનો બ્રહ્માનંદ

પપ્પાજી બ્રહ્મજ્યોતિથી રોજ સવારે ગુણાતીત જ્યોતમાં પધારતા. પપ્પાજી પધારે, આસન પર બિરાજે એટલે સભા સંચાલક પન્નાબેન દવે સમગ્ર ગુણાતીત સમાજ વતી ભાવભર્યા જય સ્વામિનારાયણ કહે અને પપ્પાજી એ ઝીલી અમારા પ્રભુકૃપા મંડળવતી, ક્યારેક દેશ પરદેશના મુક્તો વતી, ક્યારેક અમારા બ્રહ્મજ્યોતિ તરફથી ભાવનીતરતા જય સ્વામિનારાયણ કહેતા. ક્યારેક આવતાંની સાથે જ સભાસંચાલકની સામે હસતા હસતા અમારા પ્રભુકૃપા મંડળ તરફથી ભાવ નીતરતા જય સ્વામિનારાયણ કહી જીત્યાનો આનંદ બતાડતા. આમ જય સ્વામિનારાયણ કરવામાં હાર જીતનો બ્રહ્માનંદ કરાવી વિવિધતાપૂર્વક જયસ્વામિનારાયણ કહી ઉત્સાહિત કરતા.

'જય સ્વામિનારાયણ' કહેવાની આ રીત શરૂ થઈ ત્યારથી પપ્પાજીએ સાધકોને માર્મિક સત્ય શીખવ્યું છે. એ શું ? તો એક વખત પપ્પાજી મંગલ સભામાં પધાર્યા ને સભા સંચાલક પન્નાબેને જય સ્વામિનારાયણ કહ્યાં. પપ્પાજીએ તરત હાર્યો એ જીત્યો કહી જય સ્વામિનારાયણ કહ્યા ને કહે આવતીકાલે જીતવાની તૈયારી કરીને આવીશ. તો ક્યારેક આવતાંની સાથે જ જય સ્વામિનારાયણ કહી જીત્યાનો આનંદ બતાડી હારજીતની અનેક સ્મૃતિઓથી ભરી દેતા. વળી કહેતા કે આ રીતે સાધનામાં પણ ક્યારેક દેહભાવમાં ભળી જવાય કે મૂંઝવણમાં પડી રહીએ તો પાછા ખંખેરીને ઉભા થઈ પ્રભુની સ્મૃતિ સાથે આનંદમાં આવી જવું ને ખેલદિલી અને જાગ્રતતા રાખી બીજી વારના પ્રસંગોમાં જીત મેળવી બ્રહ્માનંદ કરવો.

### ચાતુર્માસના નિયમો

દેવશયની એકાદશી તા.૨૫.૭.૨૦૨૬થી દેવઉઠી એકાદશી તા.૨૧.૧૧.૨૦૨૬ સુધીના આ વર્ષના ચાતુર્માસના સમય દરમ્યાન મંડળમાં અથવા ઘરના મુક્તોએ ભેગા મળીને કે વ્યક્તિગત રીતે આ નિયમો દૈનિક કાર્યક્રમમાં આવરી લઈને ચાતુર્માસમાં ભક્તિ અદા કરીશું.

★ રોજ એક વચનામૃત, પાંચ સ્વામીની વાતુ, પરાભક્તિની સૌરભ, અનુપમ ૫-૬-૭માંથી વાંચન કરીને મનન ચિંતન કરવું.

★ વૉટ્સએપ પર ૨૧ મુદ્દા આવે છે તેનું મનન કરવું.

★ અખંડ મંત્રરટણ કરી ભગવાનમાં મન રાખવું.

★ રોજ સવારે 'ઉગતી પ્રભાતે...' ભજન ગાઈને પ્રભુની સહાય લઈને ક્રિયાયોગ શરૂ કરવા.

★ રાત્રે 'આખા દિવસમાં...' ભજન ગાઈને આખા દિવસમાં જાણે-અજાણે કરેલા કર્મોની માફી માંગી લેવી.

★ પૂજા, પ્રાર્થના, ભજન અને માહાત્મ્યેયુક્ત સેવા કરી આપણા પ્રારબ્ધ ધોવાનું અનુસંધાન રાખીએ.

**વિશેષ નિયમ :** હું છું પપ્પાજીનું કાર્ય તે પળેપળ નજર સમક્ષ રાખીને વિચાર, વાણી, વર્તન કરવા.

### નિર્ણય

★ દેવશયની એકાદશી, ચાતુર્માસ પ્રારંભ :
અષાઢ સુદ-૧૧, શનિવાર, તા.૨૫.૭.૨૦૨૬

★ ગુરુપૂર્ણિમા :
અષાઢ સુદ-૧૫, બુધવાર, તા.૨૯.૭.૨૦૨૬

★ મહાપૂજા સ્મૃતિદિન :
શનિવાર, તા.૮.૮.૨૦૨૬

★ એકાદશી :
અષાઢ વદ-૧૧, રવિવાર, તા.૯.૮.૨૦૨૬

★ ચૈતન્ય જનની સોનાબાની પ્રાગટ્યતિથિ :
શ્રાવણ સુદ-૨, શુક્રવાર, તા.૧૪.૮.૨૦૨૬

★ પ.પૂ.જ્યોતિબેનનો સ્વરૂપાનુભૂતિદિન :
શનિવાર, તા.૧૫.૮.૨૦૨૬

★ શ્રી ગુરુ કૃષ્ણજી અદા જયંતી :
શ્રાવણ સુદ-૫, સોમવાર, તા.૧૭.૮.૨૦૨૬

★ એકાદશી :
શ્રાવણ સુદ-૧૧, રવિવાર, તા.૨૩.૮.૨૦૨૬

## સત્સંગ સમાચાર

## ગુરુહરિ પપ્પાજી મહારાજના ૧૧૦મા પ્રાગટ્ય પર્વ નિમિત્તે મહાપૂજા...

**★ પ.પૂ.દીદીની પ્રેરણાથી અને કમિટી સ્વરૂપોના આયોજન પ્રમાણે તા.૧૪.૬.૨૦૨૬ના પ.પૂ.દીદી અને સ્વરૂપોના સાંનિધ્યે મહાપૂજા કરી.**

આ વર્ષે ગુરુહરિ પપ્પાજી મહારાજનો ૧૧૦મો પ્રાગટ્ય પર્વ – શાશ્વત સંકલ્પ પર્વ. તે સ્મૃતિમાં વિદ્યાનગર અને નજીકના ગામોમાંથી ૧૧૦થી અધિક ગૃહસ્થ મહિલાઓએ મહાપૂજામાં ભાગ લીધો હતો. તેઓને સદ્‌ગુરુ સ્વરૂપોએ સૂત્રબંધન, બેજ, ખેસ અર્પણ કર્યાં. આ મહાપૂજા ઉત્સવનું સમગ્ર આયોજન પૂ.સરોજબેન પટેલની રાહબરી હેઠળ થયું હતું.

પૂ.કલ્પુબેન દવે અને પૂ.ઈલાબેન મારડિયાએ ખૂબ ભક્તિભાવે પૂજનવિધિ, થાળ, આરતી, સંકલ્પ પ્રભુ ચરણે ધરી મહાપૂજા કરી. ત્યારબાદ ગુરુહરિ પપ્પાજી મહારાજ તેમજ પ.પૂ.દીદીના આશીર્વાદ લઈ સૌએ ધન્યતા અનુભવી.

**★ સુરત જ્યોત શાખામાં શાશ્વત સંકલ્પ પર્વ નિમિત્તે** પ.પૂ.દીદીના આયોજન મુજબ તેમજ પુરુષોત્તમ માસ નિમિત્તે પૂ.મીનાબેન તથા પ.પૂ.માયાબેનના સાંનિધ્યે બાલિકા, કિશોરી, યુવતી અને ભાભીઓએ ક્રમશઃ પાંચ દિવસમાં મહાપૂજામાં ભાગ લઈ પોતાના પ્રાર્થનાભાવ ધર્યા કે પપ્પાજીનું કાર્ય પપ્પાજીની રીતે કરીને આ જન્મ સફળ કરવાનું બળ મળે.

**★ ગુરુહરિ પપ્પાજી શાશ્વત સ્મૃતિ પર્વને (તા.૨૮મી મે, ૨૦૦૬) આ વર્ષે ૨૦ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે** રાજકોટ જ્યોત શાખામાં પૂ.વનીબેન, પૂ.ઈલાબેનના સાંનિધ્યે ગૃહસ્થ મહિલાઓએ મહાપૂજાનો લાભ લીધો. સૌએ પોતાની પ્રાર્થના ધરી પપ્પાજીના થઈને જીવવાના પ્રણ લીધા. વિશેષમાં આ અવસરે શ્રી ઠાકોરજી અને ગુરુહરિ પપ્પાજી મહારાજને મોગરાના ફૂલના વાઘા ધરાવ્યા હતા તે સ્મૃતિદર્શન અદ્‌ભુત હતું.

---

### પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા...

**★ મોરબીના પૂ.મોતીલાલ જસમતભાઈ ભાડજા તા.૭.૬.૨૦૨૬ના અક્ષરનિવાસી થયા છે.**



મોરબીના આપણા ગુણાતીત જ્યોત સમાજના વરિષ્ઠ એકાંતિક ભક્ત પૂ.લક્ષ્મણબાપા ડોરી અને એમના ભાઈઓના નાના બેન પૂ.લલિતાબેનના પતિ પૂ.મોતીલાલ. તેઓ સત્સંગમાં રસ ધરાવતા. ટાણે ટાણે સમૈયા ઉત્સવમાં પધારતા અને સેવા કરતા. ગુરુહરિ પપ્પાજી મહારાજનું તેમના હૃદયમાં પ્રભુ તરીકેનું અનેરું સ્થાન હતું. અને પૂ.જસુબા ફેમીલી ગુરુ હતાં. બીમારીમાં સતત નામસ્મરણ અને શ્રદ્ધા રાખી, ટ્રીટમેન્ટ લીધી અને પરિણામ પણ મેળવ્યા અને છેલ્લે પ્રભુ સ્મરણ કરતા કરતા પ્રભુચરણમાં બિરાજી ગયા. પરિવારમાં તેમના દીકરા અને દીકરીને તથા તેમના સમગ્ર પરિવારને પ્રભુભક્તિનો વારસો આપતા ગયા.

તેમના પત્ની લલિતાબેન ખૂબ સાલસ, રાંક, સેવાભાવી. ગુરુ – ગુરુહરિનું બળ લઈ એકધારી સેવા કરી અને પ્રભુ ઈચ્છાને સ્વીકારી પ્રભુ સ્મરણ, પ્રભુરટણમાં રહે છે. સર્વને ખૂબ ખૂબ બળ મળે તેવી પ્રભુચરણે પ્રાર્થના અને અંતરની ભાવાંજલિ.

**★ ભેટાસીના પૂ.ગજરાબેન ઉમેદસિંહ પરમાર તા.૧૧.૬.૨૦૨૬ના અક્ષરનિવાસી થયાં છે.**



પૂ.ગજરાબેન ભેટાસી મંડળના પૂ.ઉમેદકાકાના ધર્મપત્ની. પ.પૂ.જ્યોતિબેનને ગુરુ સ્થાને રાખીને સત્સંગપરાયણ જીવન જીવી ગયાં. જ્યારે ઉમેદકાકા સમૈયા ઉત્સવની સેવામાં ૩૦-૩૫ દિવસ રોકાતા ત્યારે ગજરાબેન ઘરે બધું જ કામ જેમ કે ખેતી, પશુપાલન વગેરે એકલે હાથે સંભાળી લેતા. ઉમેદકાકાને સમૈયાની સેવામાં ઉમંગ, ઉત્સાહથી મોકલતા. સાંકરદા મંદિરથી સંતો જ્યારે પણ ઘરે પધરામણી કરે ત્યારે સંતોને જમાડવાની

સેવા ખૂબ ભાવથી કરતા. ઉમેદકાકા અત્યારે ૯૨ વર્ષની વયે ઘરે રહીને સત્સંગ કરી, ભક્તિમય જીવન જીવી રહ્યા છે. ઉમેદકાકા પાયાના સત્સંગી છે. ઈ.સ.૧૯૬૧થી સત્સંગમાં જોડાયેલ છે. પુત્ર પૂ.કમલેશભાઈ, પૂ.રેખાબેન અને તેમના પરિવારને ધાર્મિક સંસ્કાર આપ્યા. તેઓ પણ કુટુંબેસહિત ભક્તિમય જીવન જીવે છે. સર્વ કુટુંબીજનોને ખૂબ બળ મળે તેવી પ્રભુચરણે પ્રાર્થના છે.

**★ મૂળ અમદાવાદના હાલ ઑસ્ટ્રેલિયા સ્થિત પૂ.નીરજભાઈ ભરતભાઈ ભટ્ટ તા.૧૮.૬.૨૦૨૬ના અક્ષરનિવાસી થયા છે.**



પૂ.ઈલાબેન ભરતભાઈ ભટ્ટના પુત્ર, પૂ.વર્ષાબેન, પૂ.રાજુબેન ભટ્ટ અને ગુણાતીત પ્રકાશ પૂ.અતુલભાઈ ભટ્ટના ભાણેજ થાય. નીરજભાઈને વારસામાં સ્વામિનારાયણ ધર્મના સંસ્કારો મળ્યા. બાળપણથી જ ખૂબ જ શાંત, નિખાલસ અને ઉદાર સ્વભાવના હતા. ભણવામાં હોંશિયાર હતા. અમદાવાદમાં અભ્યાસ કર્યા બાદ વધુ અભ્યાસ માટે વિદ્યાનગરમાં કોલેજ કરી. કોલેજના અભ્યાસ દરમ્યાન રોજ જ ગુણાતીત જ્યોતમાં પ.પૂ.દીદીને પાયલાગણ સહ જય સ્વામિનારાયણ કરીને જ કોલેજ જતા. પ.પૂ.દીદીની અમીદ્રષ્ટિ પામેલા એવા કૃપાપાત્ર. નિયમિતતા એ તેમનું અંગ હતું. ક્રોધ, ઈર્ષા, અપશબ્દો તેઓના જીવનમાં ક્યારેય જોવા મળ્યા નથી. ગુરુહરિ પપ્પાજી મહારાજના આશીર્વાદ લઈને ઓસ્ટ્રેલિયા ગયા હતા. આખા કુટુંબમાં ગુરુહરિ પપ્પાજી મહારાજની નિષ્ઠા છે.

નીરજભાઈ છેલ્લે સુધી ઓસ્ટ્રલિયા રહ્યા છતાં સંત બહેનો અને ગુરુહરિ પપ્પાજી મહારાજની નિષ્ઠા તેઓના જીવમાં પાકી જ રહી. જગતની ઝાકમઝોળ કે માયા તેઓને અડી શકી નથી. કુટુંબમાં તેઓ ખૂબ શાંતિથી સૌના હિતમાં હોય એ રીતે નિર્ણયો લેતા અને આપતા. પ્રેમભાવ ને ધાર્મિકતા ઊડીને આંખે વળગે તેવા હતા.

નીરજભાઈ પૂર્વના જ કોઈ મુક્તરાજ હશે તેથી જ લગ્ન બાદ સંતાન માટેનો કોઈ જ મોહ ન રાખ્યો. અને એવા જ એમના ધર્મપત્ની પૂ.રિદ્ધિબેન કે જેઓએ રાજીખુશીથી આ સમર્પણમાં સાથ આપ્યો ને જીવનભર સાથે જ રહ્યાં. તેઓ ઉમદા જીવનભાવના અને સમજણથી જીવતા. છેલ્લા એક વર્ષથી કેન્સરની બીમારી હતી પણ દેહાતીત રહી, અખંડ પ્રભુ સ્મરણ કરતા. ખરેખર નીરજભાઈની નિષ્ઠા, ભક્તિ ને દિવ્ય જીવનને ધન્ય છે. તેઓના આત્માને ગુરુહરિ પપ્પાજી મહારાજ તેમજ પ.પૂ.દીદી ખૂબ શાંતિ અર્પી જન્મોજન્મ આ જોગમાં રાખે તેવી પ્રાર્થના.

**★ વડોદરા નિવાસી જૂના અનન્ય સેવાભાવી પૂ.મફતભાઈ ફકીરભાઈ મિસ્ત્રી (ગજ્જર) તા.૩.૭.૨૦૨૬ના અક્ષરનિવાસી થયા છે.**



પૂ.મફતભાઈએ જ્યારે ગુરુહરિ પપ્પાજી મહારાજના પ્રભુકૃપા મકાનના બારી-બારણાં બનાવવાનું કામ ચાલતું હતું ત્યારે બીજા મિસ્ત્રીભાઈ સાથે મળીને ખૂબ ખંતથી સેવા કરી. ગુરુહરિ પપ્પાજી મહારાજે આજ્ઞા આપી કે, હવે સાંકરદા પૂ.અક્ષરવિહારીસ્વામીજીના મંદિરની સેવા કરો. ત્યારથી સાંકરદા મંદિરના સંતો સાથે ખૂબ ભળી ગયા. બંને દીકરાઓને પણ ભાવ થયો. પૂ.અક્ષરવિહારીસ્વામીજીએ ઘણીવાર પ્રસન્નતા બતાવી હતી. તેઓ વડોદરા જકાતનાકા પાસે આવેલ ડૉ.ડામોરના દવાખાને સાંકરદાના સંતોને લઈ જવાની સેવા કરતા.

બંને દીકરા અને બે દીકરીઓને પરિવારસહિત પ્રભુ આપ્યા. તેમાં પૂ.રૂક્ષ્મણીબેનનો સાથ રહેતો. તેઓના (ઘરમાં) પ્રથમ ગુરુહરિ પપ્પાજી મહારાજ અને ગુરુ તરીકે પ.પૂ.જસુબા રહ્યા. તેઓને પ્રભુની મૂર્તિમાં રહેવાની તેમજ પ્રભુ સ્મરણની ટેવ હતી. તેથી બીમારીમાં પણ મૂર્તિની સ્મૃતિ કરતાં કરતાં ધામમાં બિરાજ્યા. એવા મફતભાઈને અનંત વંદન.

તેમના પત્ની અને બંને દીકરીઓના પરિવારને ગુણાતીત જ્યોત સાથે તો બંને ભાઈઓના પરિવાર હરિધામ સોખડામાં સમર્પિત છે. સંપ-સુહદભાવ અને એકતા જે ગુણાતીત સમાજનો સિદ્ધાંત છે. તેના રાહે એકબીજાના પૂરક અને પ્રેરક થઈ જીવે છે.

# International Yoga Day Celebrations

Shree Gunatit Jyot Mahila Trust celebrated 12th International Yoga Day at Pappaji Hall, Gunatit Jyot, Vallabh Vidyanagar by inviting Ms.Anandiben Gabhavala, Yoga Teacher of Anand Jyot, Anand for 2 days session from 16th June to 17th June 2026 for an hour from 10.30 am to 11.30 am. International Yoga Day was celebrated with great enthusiasm and active participation from benos. Beyond physical benefits like increased flexibility and strength, yoga offers mental health advantages, including stress reduction and improved focus. While modern practice often emphasizes physical postures (asanas) for health and stress relief, traditional yoga philosophy views these as stepping stones toward deeper objectives.

The morning on both the days commenced with a warm welcome and an opening address that highlighted the significance of integrating mindful practices into our daily, fast-paced routines. Led by esteemed certified Yoga instructor, the guided session seamlessly blended basic asanas with deep breathing (pranayama) and meditation. Participants practiced Surya Namaskar (Sun Salutation) and Bhramari Pranayama. Surya Namaskar (Sun Salutation) is a dynamic 12-pose yoga sequence that links movement with breath. It provides a comprehensive cardiovascular workout, enhances flexibility, builds core strength, and stimulates the digestive and endocrine systems. Regular practice naturally boosts energy levels and reduces stress. Bhramari Pranayama (Humming Bee Breath) is a powerful breathing technique that relieves stress, lowers blood pressure, and boosts brain function. By producing a deep humming sound during exhalation, the practice activates the parasympathetic nervous system, increases nitric oxide production to improve oxygen flow, and promotes rapid mental calmness.. The physical exercises were followed using a stick in yoga to improve posture, deepen stretches, and enhance balance. By acting as a stabilizing 'third leg' and a mechanical lever, it allows practitioners to safely increase their range of motion and maintain structural alignment during challenging poses.

Body tapping was practised which by rhythmically drumming the skin using your fingertips, loose fists, or flat palms, you stimulate acupressure points to release physical tightness and emotional stress.

Core Benefits of Full-Body Tapping are as below :

Boosts Circulation: Drastically increases local blood flow and vital energy movement across the body.

Lymphatic Detoxification: Helps flush waste by stimulating major lymph node centers like the armpits and groin.

Calms the Nervous System: Transitions the brain from "fight-or-flight" mode into a calm, parasympathetic state.

Releases Stored Emotion: Targets areas like the chest and hips where emotional stress often manifests physically.

Improves Mental Focus: Clears morning brain fog and provides an instant shot of physical energy.

The instructor shared wellness tips and discussed how to seamlessly integrate yogic principles into a busy routine. Lastly Laughter Yoga (Hasya Yoga) was practised which is a wellness practice combining intentional laughter exercises with deep yogic breathing (Pranayama), offering identical physiological and psychological benefits The success of this event reinforces the power of uniting individuals in the pursuit of holistic health and harmony. We are incredibly grateful to our guest instructor, organizers, and the dedicated benos who made these days possible.







તા.૨૧.૬.૨૦૨૬ : ગુણાતીત જ્યોત ખાતમુહૂર્તદિન નિમિત્તે સભા...







International Yoga Day Celebration







## જુલાઈ-૨૦૨૬ની આજ્ઞા...
# શાશ્વત પપ્પાજીની પ્રેરણા

સ્વામીશ્રીજી ૩૦-૧૦-૮૮

ગુણાતીત સમાજની જય
મૂક્તાક્ષર પુરૂષોત્તમની જય

પ્રાપ્તિ નો કેફ ને ખુમારી રાખી
અલ્પ સંબંધવાળા આગળ રાંક
રહી પ્રત્યક્ષની પ્રસન્નતાર્થે
સેવા કર્યા કરવી તે જ એકાન્તિક
માટે ૨૪ કલાકનું ભજન
તનથી, મનથી, ધનથી કે
આત્માથી તેવી સેવા કર્યા કરવી
તે જ સ્વધર્મ

આ...આ...આ...
તારી પ્રાપ્તિ થઈ સર્વોપરી
સુખ, શાંતિ, આનંદથી ભરી (૨)
સાધના ના કરાવી તે કપરી
આપ્યું એક જ વચન
આનંદ કર આનંદ કર
મારી મૂર્તિમાં રાખી મન
આનંદ કર આનંદ કર
કોની સાથે સરખાવો કોને ?
પ્રગતિ કરતું ચૈતન્ય જો ને !...આ...(૨)
ભક્તિની સૂઝ ન પડે જો
નામરટણ પ્રભુનું કર
આનંદ કર આનંદ કર...



તા.૧.૬.૨૦૨૬ : કીર્તન આરાધના...







॥ સ્વામિશ્રીજી ॥



॥ જય પપ્પાજી ॥

## હાર્દિક નિમંત્રણ

હે વહાલા અક્ષરમુક્તો ! પધારો !
બ્રહ્મભાવને સદાય ધારીને, સ્વયં તેજસ્વરૂપ રહીને
પરબ્રહ્મની ભક્તિ નિરંતર કરી , સંબંધયોગમાં આવનાર સર્વને બ્રહ્મતેજ અર્પી,
આજે પણ પ્રત્યક્ષતાના અનુભવ કરાવી રહ્યાં છે એવાં...

**ગુણાતીત સ્વરૂપ પરમ પૂજ્ય દેવીબેનના**

# 'બ્રહ્માનંદી તેજ પર્વ'

**૯૦મા પ્રાગટ્ય દિન**ની ઉજવણી આપણે સૌ ભેળાં મળીને કરીશું.
સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

તારીખ : ૨૬મી ઓગષ્ટ ૨૦૨૬, બુધવાર
સમય : સાંજે ૪:૪૫ થી...
તારીખ : ૨૭મી ઓગષ્ટ ૨૦૨૬, ગુરુવાર
સમય : સવારે ૯:૩૦ થી...
સ્થળ : પપ્પાજી હૉલ, ગુણાતીત જ્યોત, વિદ્યાનગર
સભા સમાપન બાદ મહાપ્રસાદ

લાઈવ દર્શન : www.gunatitjyot.org

To,

RNI NEW DELHI NO : 20485/71
PO REGD NO : G-AND-336/2025-27
Lic Valid Upto: 31.12.2027
DATE OF PUBLICATION :
21st of every month
DATE OF POSTING :
21st of every month
PLACE OF PUBLICATION (POSTED AT)
Vallabh Vidyanagar MDG 388120



ગુરુપૂનમના મંગલ અવસરે વિદ્યાનગર ગુણાતીત જ્યોતમાં ગુરુહરિ પપ્પાજી મહારાજ, ગુરુસ્વરૂપોના દર્શન, પૂજન કરી આશીર્વાદ મેળવવા સહકુટુંબ પધારવા આપ સૌને ભાવભર્યું આમંત્રણ છે.

તા.૨૯.૭.૨૦૨૬, બુધવાર, સવારે ૧૦:૦૦ થી ૧૨:૩૦



અખિલ ગુણાતીત સમાજની દિવ્ય મા, પ્રત્યક્ષ સ્વરૂપની
અનુવૃત્તિની ભક્તિ કરી યુગ પરિવર્તન કરનાર
ચૈતન્યજનની સોનાબાના ૧૨૦મા પ્રાગટ્યદિનની ઉજવણી કરીશું.

તા.૧૬.૮.૨૦૨૬, રવિવાર, સવારે ૧૦:૦૦ થી ૧૨:૩૦

આ બંને અવસરનો લાભ લેવા સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

સ્થળ : પપ્પાજી હૉલ, ગુણાતીત જ્યોત, વલ્લભ વિદ્યાનગર

સભા સમાપન બાદ મહાપ્રસાદ

લાઈવ દર્શન : www.gunatitjyot.org

Editor, Proprietor, Publisher : Hemaben Bhatt
Publishing Place : Gunatit Jyot, Pappaji Marg, P.O.Box-23, Vallabh Vidyanagar-388120, Dist.Anand, Gujarat, India
Phone : 9998475765, Website : www.gunatitjyot.org, E-mail: prakashan@guntitjyot.org
Printer & Printing Place : Angatbhai J. Shah, Gujarat Press, Anand-388001, Gujarat, India